## IIT-Gnમાં ડિફરન્ટ ઈન્ડિયન લેંગ્વેજ પર માતૃભાષા દિવસ ઉજવ્યો

# મશીનોની મરામત મુકીને માતૃભાષાની મમતામાં

વિશ્વ લેવલે મનાવાતા માતૃભાષા દિવસને ધ્યાનમાં રાખી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) ગાંધીનગર ખાતે પણ દેશભરમાંથી આવતા સ્ટુડન્ટસ અને સ્ટાફને ધ્યાનમાં રાખી ડિફરન્ટ લેંગ્વેજ પર માતૃભાષા દિવસ મનાવવામાં આવ્યો હતો. જેમાં નોવેલ, હિસ્ટ્રી, કવિતા વગેરે જેવી વિવિધ લેંગ્વેજ પરની બૂકનો સ્ટોલ રખાયો હતો. તો બંગાળી, હિન્દી, ઉર્દૂ, સંસ્કૃત જેવી ભાષાઓ પર સ્ટુડન્ટસ અને સ્ટાફે કવિતાઓ અને ગીતો ગાયા હતા. આ ઉપરાંત ભારતની વિવિધ ભાષાઓ પર ચર્ચા પણ કરવામાં આવી હતી.

**ગુજરાતી, સંસ્કૃત, ઉર્દૂ, હિન્દી, બંગાળી જેવી ભાષામાં પોએમ, સોન્ગસ રજૂ થયાઃ સ્ટુડન્ટસ માટે બૂક સ્ટોલ પણ રખાયો**



## માતૃભાષા અભિયાન દ્વારા ફેસ્ટિવલ યોજાયો



માતૃભાષા અભિયાન દ્વારા માતૃભાષા ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં અમદાવાદ તેમજ ગુજરાતમાં ૧૦૦ કેન્દ્રો પર પુસ્તક પરબ, માતૃભાષા અભિયાનના કાર્યવાહો દ્વારા સ્કૂલોમાં ગીતો અને વાર્તાઓ દ્વારા વિદ્યાર્થીઓને સન્મુખ કરાઈ માતૃભાષાનો મહિમા સમજાવ્યો, ગૂજરાત વિદ્યાપીઠમાં માતૃભાષા વિશિષ્ઠ કાર્ય કરનાર શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું હતું. તો પરિમલ ગાર્ડન ખાતે દાદી-દાદીનો ઓટલો કાર્યક્રમમાં યોજાયો જેમાં બાળકો સમક્ષ બાળગિતો, ચિત્ર વાર્તા, દોહા, બાળ સાહિત્ય કારની વિશિષ્ટ વાર્તાઓની રજૂઆત થઈ હતી.

Source: Gujarat Samachar(Samachar plus),pp.01,23 Feb,2016